દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રન્ટ પેજ, તા. ૨૪.૦૭.૨૦૨૪

## આરોગ્ય, શિક્ષણ, રોજગારી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરને કેન્દ્રમાં રાખી તૈયાર થતી યોજનાઓનું પરિણામ મળ્યું




અમદાવાદ, ગાંધીનગર અને ગિફ્ટ સિટી રાજ્યના સર્વાંગી વિકાસનું હબ બની રહ્યા છે. આગામી 10 વર્ષમાં આ ત્રણેયની સંયુક્ત વસતી 3 કરોડને આંબી જશે. મેટ્રો ત્રણેયને જોડતી એક મહત્ત્વની કડી છે. ફોટો : ધવલ ભરવાડ

**વિકાસનો ત્રિવેણી સંગમ**

## અમદાવાદ રાજ્યનું ગ્રોથ એન્જિન બનશે

# 5 ટ્રિલિયન ડોલરના અર્થતંત્રમાં અમદાવાદ, ગાંધીનગર, ગિફ્ટ ટ્રાઈ સિટીનો સિંહફાળો હશે

### અમદાવાદમાં 5 વર્ષ સુધી પાણીની તંગી ન સર્જાય તેવું આયોજન, પૂર્વ-પશ્ચિમમાં 250 કરોડની ટ્રંક લાઈનથી શહેરની અંદાજે 15 લાખ વસતીની સમસ્યા હલ થશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

અમદાવાદ-ગાંધીનગર અને ગિફ્ટ સિટી ગુજરાતના વિકાસનું કેન્દ્ર બિંદુ બન્યા છે. આગામી 10 વર્ષમાં આ ત્રણ અલગ પરંતુ સંયુક્ત શહેરની વસતી 3 કરોડને આંબી જશે. અમદાવાદ રાજ્યનું ગ્રોથ એન્જિન રહેશે. બુલેટ ટ્રેન, લંબાવવામાં આવી રહેલો રિવરફ્રન્ટ, ફનપાર્કને લીધે અમદાવાદનું નામ દુનિયાના નકશામાં અંકિત થશે. ગિફ્ટ સિટી ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર બનવા સાથે ફાઈનાન્સ અને ટેકનોલોજીનું મુખ્ય કેન્દ્ર બનશે. અહીં ભવિષ્યના 50 વર્ષ માટે જરૂરી સુવિધાનું આયોજન કરી વિકાસ કરાઈ રહ્યો છે. આનો સીધો લાભ અમદાવાદ અને ગાંધીનગરને મળશે.

આ બાબત પર ધ્યાન કેન્દ્રીત કરી અમદાવાદ-ગાંધીનગરમાં પણ ભવિષ્યને ધ્યાનમાં રાખી યોજનાઓ બની રહી છે. મેટ્રો રેલ આ ત્રણેય શહેરને જોડતી કડી છે અને ઓગસ્ટ સુધીમાં અમદાવાદ-ગાંધીનગર અને ગિફ્ટ સિટી મેટ્રોથી જોડાઈ જશે. ત્રણેય જગ્યાએ રોડ, પુલ, મનોરંજન પાર્ક, આરોગ્ય શિક્ષણ અને રોજગારી પર સૌથી વધુ ભાર અપાઈ રહ્યો છે. હજુ પણ રાજ્યના આ ટ્રાય સિટીમાં વિવિધ ક્ષેત્રે જંગી રોકાણને અવકાશ છે અને આગામી 10 વર્ષમાં તે પુરાઈ પણ જશે. આગામી 5 વર્ષમાં અમદાવાદમાં એવા પણ પ્રોજેક્ટ સ્થપાઈ રહ્યા છે જેનાથી લોકોનું જીવન ધોરણ બદલાઈ જશે. 2026 સુધીમાં શહેરમાં 12 નવા ફ્લાયઓવર બની જશે. રિવરફ્રન્ટ પાંચમાં ફેઝમાં ગાંધીનગર સુધી લંબાશે.

### ગિફ્ટ સિટીના IFSC સેન્ટરનું કદ 1 હજાર કરોડ ડોલરે પહોંચશે

દેશને 5 હજાર કરોડ ડોલરના વિશ્વના ત્રીજા ક્રમના અર્થતંત્ર બનાવવાના સંકલ્પમાં ગિફ્ટ સિટીનો સિંહ ફાળો હશે. ગિફ્ટ સિટીને ફાઈનાન્સ અને ટેકનોલોજી શહેર તરીકે વિકસાવવાની યોજના છે. આંતરરાષ્ટ્રીય નાણા સેવા કેન્દ્ર એટલે કે ગિફ્ટ સિટીમાં આર્થિક પ્રવૃત્તિ થકી 1 ટ્રિલિયન ડોલર એટલે કે 1 હજાર કરોડ ડોલરના નાણાકીય વ્યવહાર થશે. આને કારણે રાજ્યભરમાં આર્થિક પ્રવૃત્તિને વેગ મળશે તેમજ દેશના અર્થતંત્રમાં પણ મોટું પ્રદાન થઈ જશે.




### 2041માં અમદાવાદની વસતી 1.30 કરોડે પહોંચી જશે

ઔડા 2041નો ડેવલપમેન્ટ તૈયાર કરી રહ્યું છે. આ સમય સુધીમાં શહેરની વસતી 1.30 કરોડે પહોંચવાનો અંદાજ છે. વસતી મુજબ શહેરમાં વિકાસ કામોનું આયોજન થઈ રહ્યું છે. ઓગસ્ટમાં ગાંધીનગર મેટ્રો ટ્રેનથી અમદાવાદ સાથે જોડાઈ જશે. અમદાવાદમાં હવે જમીનનો પ્રશ્ન છે અને ગાંધીનગરમાં વિશાળ ખુલ્લી જગ્યા હોવાથી તે નવું પર્યટન અને મનોરંજન કેન્દ્ર બનશે. ગાંધીનગરને ગુજરાતનું નવું આઈટી હબ બનાવવાનું લક્ષ્યાંક પણ પૂર્ણ થશે.